## નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

**<u>વંચાણે લીધા :–</u>** નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૩.૦૩.૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/ ૧૦૨૦૧૨/ GOI- ૯૩/ છ.

### –: : કાર્યાલય આદેશ : : –

ગુજરાત રાજયમાં વિવિધ શિષ્ય વૃત્તિ યોજનાઓ અમલમાં છે. પરંતુ અભ્યાસમાં તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે અને શિષ્યવૃત્તિના લાભમાં એકસૂત્રતા રહે તે બાબતો ધ્યાનમાં લઈ ઉપરોકત વંચાણેલીધેલ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવથી માનનીય મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના નામની નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજના દાખલ કરવામાં આવેલ છે અને તેનો અમલ વર્ષ ૨૦૧૪–૧૫ થી કરવાનો હોઈ વિદ્યાર્થીઓ પાસેથી ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવનાર છે. જેથી આ યોજનાના અમલ માટે રાજયભરમાં હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે જેમાં અત્રેની કૃષિ યુનિવર્સિટીને હેલ્પ સેન્ટર તરીકે પસંદ કરવામાં આવેલ છે. સદર યોજના માટે અત્રેની યુનિવર્સિટીના નીચે મુજબના અધિકારી/ કર્મચારીઓને કો–ઓર્ડીનેટર તેમજ તેમના સહાયક તરીકે નિમવામાં આવે છે. તેમજ માનનીય મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળની નવસારી કૃષિ યુનિવર્સિટીને લગતી તમામ કામગીરી આપે સંભાળવાની રહેશે.

| અ.નં. | અધિકારીનું નામ અનેહોદ્દો | કચેરીનું નામ | નિમણુંકની વિગત |
|---|---|---|---|
| ૦૧ | ડૉ. એચ.આર. પંડયા, ઈ/ચા. નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ | નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | માનનીય મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાના કો–ઓર્ડીનેટર |
| ૦૨. | શ્રી સી.બી. નાયક, કોમ્પ્યુટર પ્રોગ્રામર | ડીનશ્રી, અસ્પી એગ્રી. બીઝનેશ મેનેજમેન્ટ કોલેજ, નવસારી કૃષિ યુવિર્સિટી, નવસારી | માનનીય મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાના કો–ઓર્ડીનેટરના સહાયક |

જા.નં. નકૃયુ/ રજી/ એડીએમ.૩–૩/ ૫૯૫–૫૯૫ /૨૦૧૪
નવસારી, તા. ૩૦.૦૫.૨૦૧૪

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

☛ **<u>નકલ સવિનય રવાના :–</u>**
કમીશ્નર ઓફ ટેકનીકલ એડયુકેશનશ્રી, બ્લોક નં.–૨, બીજો માળ, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જણા સારૂ.

☛ **<u>નકલ સવિનય રવાના :–</u>**
।૧। સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખા અધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ.
।૨। અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રી / ડીનશ્રી તરફ.
।૩। અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ
।૪। હિસાબી અધિકારી–વ– હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
।૫। વહીવટી – વ – હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

☛ **<u>નકલ રવાના :–</u>**
।૧। ડૉ. એચ.આર. પંડયા, ઈ/ચા. નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ તરફ મારફત તેમની કચેરી
૨/– ઉકત યોજની અમલવારી અંગે તા.૩૧.૦૫.૨૦૧૪ના રોજ ૧૧:૩૦ કલાકે સચિવાલય ગાંધીનગર ખાતે યોજનાર મિટીંગમાં હાજર રહેવું.
।૨। શ્રી સી.બી. નાયક, પ્રોગ્રામર તરફ મારફત તેમની કચેરીના વડાશ્રી,
૨/– ઉકત યોજની અમલવારી અંગે તા.૩૧.૦૫.૨૦૧૪ના રોજ ૧૧:૩૦ કલાકે સચિવાલય ગાંધીનગર ખાતે યોજનાર મિટીંગમાં હાજર રહેવું.
।૩। મદદનીશ કુલસચિવ (એકેડેમીક), નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

માનનીય મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૦૨૦૧૨/GOI-૯૩/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ 3/03/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સરકારશ્રીના શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંકઃ ડબલ્યુએસી/ ૧૦૬૨/ ૯૫૫૮૭/જી, તા.૦૬/૦૨/૧૯૬૫
(૨) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૦૭૫/૭૭૦૫૫/ઘ, તા.૦૯/ ૦૯/૧૯૭૬
(3) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૦૭૬/૬૧૧૨૧/ઘ, તા.૨૩/૦૬/૧૯૭૬
(૪) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૭૬૯/૧૫૮૫૫/ઘ, તા.૨૪/૧૨/૧૯૭૬
(૫) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/૧૦૭૭/૩૪૭૮૨/ઘ, તા.૨૯/૦૬/૧૯૭૭
(૬) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૦૭૮/૪૭૬૪/૮૦/ઘ, તા.૨૬/૦૬/૧૯૮૦
(૭) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૧૮૧/૩૯૫૧/(૮૨)/છ, તા.૨૦/03/૧૯૮૨
(૮) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૦૭૮/૨૮૮૫/છ, તા.૨૦/03/૧૯૮૨
(૯) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઓએસ/૧૧૮૧/૩૭૭૮૭/(૧૮૬૭) /છ,તા.૦૧/૦૮/૧૯૮૬
(૧૦) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૧૮૬/૧૭૫૬૯/છ, તા.03/૦૬/૧૯૮૮
(૧૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૨૬30/છ, તા.૦૮/૦૬/૧૯૯૦

(૧૨) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૧૮૮/૩૦૭૦/છ, તા.૦૮/૦૬/૧૯૯૦

(૧૩) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૧૮૯/૧૪૯૬/છ, તા.૩૦/૧૦/૧૯૯૧

(૧૪) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીએચ/૧૦૮૯/૪૯૬/છ, તા.૦૩/૧૦/૧૯૯૪

(૧૫) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૯૦/૧૨૮/૧૦૬૬/છ, તા.૦૭/૦૯/૧૯૯૯

<u>આ મુ ખ</u>

આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ઠરાવોથી નીચે મુજબની જુદી જુદી શિષ્યવૃત્તિઓની યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓ પૈકી નીચે મુજબની શિષ્યવૃત્તિ યોજાઓની સમીક્ષા કરી તે શિષ્યવૃત્તિઓની યોજનાઓને બદલે એક નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજના દાખલ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૧) આંતરરાષ્ટ્રીય શિષ્યવૃત્તિ યોજના.
૨) શિક્ષકોના સંતાનોને શિષ્યવૃત્તિ યોજના.
૩) આદિજાતિ વિસ્તાર પેટાયોજનાશિષ્યવૃત્તિ.
૪) જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી નવી દિલ્હી સંશોધન શિષ્યવૃત્તિ
૫) રાજકીય રીતે સહન કરનાર વ્યક્તિઓના બાળકોને શૈક્ષણિક સવલતો.
૬) ફિલ્મ અને ટી. વી. ઇન્સ્ટીટયુટ પુનામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.
૭) યુધ્ધમાં માર્યા ગયેલ સૈનિકોના બાળકોને શિષ્યવૃત્તિ

૨. ઉપર્યુકત શિષ્યવૃત્તિઓની મર્યાદિત સંખ્યા, શિષ્યવૃત્તિના ઘણાં ઓછા દર તથા લાગુ પાડવામાં આવેલ આવક મર્યાદા વગેરેને કારણે આ યોજનાઓ હાલની સામાજીક આર્થિક પરિસ્થિતિમાં સુસંગત (Relavant) જણાયેલ ન હતી. પ્રવર્તમાન જુદી જુદી શિષ્યવૃત્તિ યોજનાઓ અંગેની સમીક્ષા કરી અગ્ર સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે રજુ કરેલ અહેવાલ પરત્વે કાળજીપૂર્વકની વિચારણા કરતાં હાલની મોંઘવારી તેમજ શિક્ષણ પાછળ થતાં ખર્ચ વગેરેને ધ્યાનમાં લેતાં, પ્રવર્તમાન સંજોગોને અનુરૂપ શિષ્યવૃત્તિની યોજના દાખલ કરવાનું આવશ્યક જણાયેલ હતું.

૨/૫.૮

૩. આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે અભ્યાસમાં તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે અને શિષ્યવૃત્તિના લાભમાં એકસૂત્રતા રહે તે બાબતો ધ્યાનમાં લઇ નીચે મુજબની શિષ્યવૃત્તિ યોજના શરૂ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>યોજનાની જોગવાઇઓ</u>

(૧) આ યોજનાનું નામ " માંનનીય મુખ્ય મંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના " રહેશે.

(૨) આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ માટે પાત્રતા માટે નીચે મુજબના ધોરણો રહેશે.

(i) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની તથા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને આ યોજના લાગુ પડશે.

(ii) રૂ.૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) સુધીની વાર્ષિક આવક ધરાવતાં વાલીઓના સંતાનો શિષ્યવૃત્તિ માટે લાયક ગણાશે. માતા અને પિતા બંન્નેની આવક તથા મિલ્કતો ધ્યાનમાં લેવાની રહેશે.

(iii) આ યોજના હેઠળ સ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ મેળવનાર વિધાર્થીઓને શિષ્યવૃતિ મળવાપાત્ર થશે.

(iv) આ યોજના હેઠળ ગુંજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા અન્ય માન્ય બોર્ડના ગુજરાત રાજયમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષામાં સફળ થયેલ,

(અ) વિજ્ઞાન પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતાં ચાર પર્સન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓ, અને, સામાન્ય પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતાં એક પર્સન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેરીટના આધારે રાખવાપાત્ર થશે.

(બ) આ ઉપરાંત ૫૦૦ વધારાની શિષ્યવૃતિ નીચે મુજબની પાત્રતા ધરાવતા વિધાંથીઓને મેરીટ પ્રમાણે મળશે.

(i) રાજયના સૌથી ઓછી મહિલા સાક્ષરતા દર ધરાવતાં તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષામાં ૭૫ ટકા થી વધારે ગુણ

મેળવનાર કન્યાઓને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય, મેરીટના આધારે મળવાપાત્ર થશે તેમજ,

(ii) ભારત સરકારની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી પ્રિમિયર સંસ્થાઓ, જેવી કે NID, IIT, IIIT, NDA, AFMC, AIIMS, ફિલ્મ અને ટી. વી. ઇન્સ્ટીટયુટ પુના વિગેરે રાજય બહાર પ્રવેશ મેળવનાર મૂળ ગુજરાતના વિદ્યાર્થીઓને, તેમજ ગુજરાત-રાજયના ચાર વર્ષના ઇન્ટીગ્રેટેડ, બી.એડ, અભ્યાસક્રમ, ટેકનીકલ ડીગ્રી અને ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ હોય તેવા ગુજરાતમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને જ આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

(ક) આ ઉપરાંત ગુજરાત રાજયના વતની હોય અને,

(i) યુધ્ધ, આંતકવાદ કે તેવા અન્ય કોઇ કારણસર નોકરી દરમ્યાન માર્યા ગયા હોય તેવા ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજયના અર્ધલશ્કરી દળોના, અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનોને, તેમજ,

(ii) ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજય અનામત પોલીસદળોના, અને ગુજરાત પોલીસદળના જવાનો કે જેઓ કોઇપણ કારણસર કાયમી વિકલાંગ થયેલ હોય તેવા જવાનોના સંતાનોને

- ઉપર મુજબની પર્સન્ટાઇલની મર્યાદા ઉપરાંત ઉપર જણાવેલ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

(v) અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કુલ લાભાર્થી સંખ્યાની ટકાવારીમાં આ યોજનામાં નિયમ મુજબ ભરતી સમયે રાખવામાં આવતી ટકાવારી જેટલી "શિષ્યવૃત્તિ સંખ્યા" અનામત રહેશે અને તે માટે પર્સન્ટાઇમાં ૫ ટકાની વધારે છુટછાટ આપવામાં આવશે. હાલ રૂ. ૨ લાખની આવક મર્યાદામાં ભારત સરકારની પોસ્ટ મેટ્રીક યોજનામાં સહાય મળવાપાત્ર થાય છે. બે લાખથી વધારે આવકવાળા જે વિદ્યાર્થીઓ તે યોજનામાં લાભ ન મેળવીશકે તેવા વિદ્યાર્થીઓ માટે " માનનીય મુખ્ય મંત્રીશ્રીની શિષ્યવૃત્તિ યોજના" ઉપલબ્ધ રહેશે.

૩. આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ નીચે મુજબના વિદ્યાર્થીઓને મળવાપાત્ર રહેશે નહી.

(૧) કુટુંબની વાર્ષિક આવક રૂ. સાડા ચાર લાખથી વધુ હોય તેવા વાલીઓના સંતાનો.

(૨) માતા-પિતા પૈકી કોઇ નીચેના વ્યવસાયો પૈકી કોઇ વ્યવસાય કરતા હોય.

(એ) ઇજનેરી વ્યવસાય.

(બી) તબીબી વ્યવસાય.

(સી) ચાર્ટડ એકાઉન્ટન્ટનો વ્યવસાય.

(ડી) વકીલાતનો વ્યવસાય.

(ઇ) આર્કિટેકચરનો વ્યવસાય.

(એફ) "બી" કે તેથી ઉચ્ચ શ્રેણીના કોન્ટ્રાકટર.

(જી) ધારાસભ્ય, સંસદસભ્ય કે મંત્રીનો હોદ્દો ધરાવતાં હોય,

(એચ) રાજય સરકાર કે કેન્દ્ર સરકારમાં કે અન્ય સંસ્થાઓમાં કે જેમાં રાષ્ટ્રીયકૃત બેંકો, એલ.આઇ.સી. વગેરે સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. તેમાં વર્ગ- ૨ કે જેમાં તેથી ઉપરની કક્ષાના કે તેની સમકક્ષ પગારધોરણ ધરાવતાં હોય.

(આઇ) અન્ય યોજના હેઠળ શિષ્યવૃત્તિ કે ફી-રીઇમ્બર્સમેન્ટ મેળવવાની પાત્રતા ધરાવતાં હોય

૪. <u>શિષ્યવૃત્તિની રકમ</u>

(૧) પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર જે તે અભ્યાસક્રમ માટે નિયત થયેલ ટયુશન ફી પેટે લોન લેવા માંગતા હોય તે લોનના ૫૦ ટકાની રકમ અથવા રૂ. ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી શિષ્યવૃત્તિ આ યોજના હેઠળ મળવાપાત્ર થશે. દા.ત. જો રૂ. ૧,૦૦,૦૦૦/- ની વાર્ષિક લોન વિદ્યાર્થી મેળવે તો તે માટે રાજય સરકાર તરફથી સહાય રૂ. ૫૦,૦૦૦/- પ્રતિ વર્ષની મર્યાદામાં રહેશે અને બાકીની રકમ બેન્ક લોન તરીકે રહેશે.

(૨) મેરીટમાં આવતાં હોય પરંતુ સરકારી/ગ્રાન્ટેડ કોલેજોમાં એડમીશન લે તેવા વિદ્યાર્થી જૂથના વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ. ૫૦૦૦/- શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

(૩) દર વર્ષે વિદ્યાર્થીને ઉત્તિર્ણ થવું જરૂરી છે અને કોઇપણ વર્ષમાં વિદ્યાર્થી નાપાસ થાય તો તે વર્ષથી શિષ્યવૃત્તિ મળતી બંધ થશે.

(૪) વધુમાં આ શિષ્યવૃત્તિની યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીએ કોઇપણ પ્રકારની સરકારી કે બિન સરકારી નોકરી મેળવ્યા પછી લોનની ૫૦ ટકા બાકી રકમ સંબંધિત બેંકના ધોરણો મુજબ પરત ચુંકવણી બેન્કને વ્યાજ સહિત કરવાની રહેશે.

૫. યોજનાનું અમલીકરણ.

(૧) આ યોજનાનો અમલ નોલેજ કોન્સોર્ટીયમ ગુજરાત (KCG) મારફતે કરવામાં આવશે.

(૨) KCG એ વેબ-પોર્ટલ પર ઓનલાઇન અરજીઓ (જેમાં બેંક લોનની અરજી નો પણ સમાવેશ થાય છે.) મેળવવાની રહેશે, મળેલ અરજીઓની ઓન લાઇન ચકાસણી વર્ષાંતે બાહ્ય મોનીટરીંગ અને સમયાંતરે ઇવેલ્યુએશન પણ કરાવવાનું રહેશે.

(૩) બેન્કો સાથે સંકલન કરી સમયસર શિષ્યવૃત્તિ પેટે રાજય સરકારનો ફાળો જે તે બેંકમાં જમા કરાવવાનો રહેશે.

(૪) આ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનું GSFS માં રોકાણ કરવાનું રહેશે,

(૫) વહીવટી કામગીરી માટે દરેક વર્ષની શિષ્યવૃત્તિ યોજના અન્વયેના બજેટ જોગવાઇના ૦.૫ % (અડધા ટકા) ની રકમ KCG ને વ્યાજમાંથી થયેલ ખરેખર ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. ખર્ચ બાદ કરતાં વધેલી વ્યાજની રકમ માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ નિધિ તરીકે ગણવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ ૨૦૧૪-૨૦૧૫ ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિલેશ ત્રિવેદી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- નામ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુંખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (પ્રા.શિ.) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાન્ય ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ, સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.